હિમાલય પ્રદેશમાં ઓલી અને કુફરી (સિમલા) અને ગુલમર્ગ (જમ્મુકાશ્મીર) સ્કીઈંગના સૌથી જાણીતા ટૂરિસ્ટ સ્પોટ છે. જ્યાં પ્રવાસીઓના આ દિવસોમાં ટોળાં જોવા મળે છે. સ્કીઈંગ માટે જરૂરી બધાં જ સાધનો અહીં મળી રહે છે.

ઓલીમાં સ્કીઈંગનો ૭થી ૧૪ દિવસનો કોર્સ પણ કરાવાય છે. કુફરી અને ગુલમર્ગમાં વાર્ષિક વિન્ટર ફેસ્ટિલવનું આયોજન કરાય છે. આ સિવાય ઉત્તરાકાશી ગંગોત્રી રોડ પર દયારા બુગ્યાલામાં સ્કીઈંગને માટે ૨૮ ચોરસ કિલોમીટર સુધી ફેલાયેલો ઢોળાવ છે. મનાલી, નારકંડા, ચંબા, કુપર, પર્બર (હિમાચલ પ્રદેશ) પણ સ્કીઈંગને માટે ઘણાં સારાં ટૂરિસ્ટ સ્પોટ છે.

લગભગ બધાં જ સ્કી રિસોર્ટમાં પ્રવાસીઓને માટે બધી જ પાયાની સગવડ અપાય છે, જેવી કે સ્કી લોજ, લિટ્સ, રહેવાનું-જમવાનું વગેરે સહેલાઈથી મળે છે.

સ્નોબોર્ડિંગ

સ્નોબોર્ડિંગ બેશક નવી રમત છે અને હજુ એટલી લોકપ્રિય પણ નથી, પરંતુ સ્કીઈંગ કરતાં વધૂ મજાની છે. સ્કીઈંગમાં જ્યાં સ્કાયર્સ પોતાનું વજન એક સ્કીથી બીજી સ્કી પર નાખે છે ત્યાં સ્નો બોર્ડર્સને પોતાનું વજન બન્ને બોર્ડો પર પંજાથી એડીઓ તરફ શિફ્ટ કરવું પડે છે.

ક્યાં જવું

ઓલી (હિમાલય પ્રદેશ)માં સ્નોબોર્ડિંગની ઘણી સારી સગવડ છે. ગઢવાલ મંડળ વિકાસ નિગમ દ્વારા અહીં પ્રવાસીઓને રહેવા માટેની પણ સરસ સગવડ છે. ઓલીના વિન્ટર સ્પોર્ટ્સ જ્યાં પ્રવાસીઓને રોમાંચ અને ઉત્સાહથી ભરી દે છે ત્યાં નંદાદેવી અને હિમાલયના બરફથી આચ્છાદિત શિખરો જોઈને મનને અનંહદ શાંતિ મળે છે. ગુલમર્ગ (જમ્મુકાશ્મીર)માં પણ સ્નોબોર્ડિંગની સરસ સગવડ છે.

હેલી સ્કીઈંગ

હેલ સ્કીઈંગ એ એવા પ્રવાસીઓ માટે છે, જેઓ વધુમાં વધુ રોમાંચનો લહાવો લેવા ઈચ્છે છે. એક હેલિકોપ્ટર પ્રવાસીઓને બરફ આચ્છાદિત પર્વતની ટોચ પર ઉતારે છે, જ્યાંથી વાંકાચૂંકા અજાણ્યા માર્ગે સ્કીઈંગ

કરતાં કરતાં નીચે ઉતરે છે. જોકે આમાં થોડું જોખમ તો છે છતા પણ આ અનોખો રમાંચકારી અનુભવ છે.

ક્યાં જશોઃ

હેલી સ્કીઈંગ માટે મનાલીને સૌથી શ્રેષ્ઠ સ્થળ ગણવામાં આવે છે. મનાલીમાં હનુમાન ટિબ્બા, દેવ ટિબ્બા.

ડર્ટબાઈક્સ અને ફ્લાઈંગ ફોક્સ

આ એવી રમતો છે જેમાં શોખીનોની સાહસવૃત્તિની બરાબર ચકાસણી થાય છે. ડ્રાઈવિંગ કરતાં તો ઘણાંને આવડતું હોય છે, પરંતુ ઉબડખાબડ રસ્તા પર ડર્ટબાઈક્સ કે એવા વાહન ચલાવવા બહું કપરું કામ છે આ રમત ખરેખર બહુ જ રોમાંચક છે. લોનાવાલા નજીકના ડેલા રિસોર્ટમાં આ પ્રકારના એટીવી રાઈડર્સ, મોટોક્રોસ ડર્ટ બાઈક્સની સારી સગવડ છે. ફ્લાઈંગ ફોક્સ તો દેશનો સૌથી મોટો એડવેન્ચર સ્લોટ છે. આ સિવાય અહીં એક્વા ઝોર્બ અને સેલર ઝોર્બ પણ છે.

આઈસ ક્લાઈબિંગ

આઈસ ક્લાઈબિંગ વિન્ટર સ્પોર્ટસનો સૌથી વધુ રોમાંચ આપનારો અનુભવ છે. સખત રીતે જામેલા બરફ પર ધીરે ધીરે ચડવું ઘણું મુશ્કેલીભર્યું હોવા છતાં આનંદ આપે તેવું છે. આઈસ ક્લાઈબિંગ સમયે પ્રવાસીઓએ તેમની સાથે ખાસ પ્રકારની કુહાડી રાખવી પડે છે. બરફવાળા પર્વતમાં પોતાના માટે રસ્તો બનાવતા બનાવતા ઉપર ચડવાની મજા કંઈ જુદી છે.

ક્યાં જશોઃ

આઈસ ક્લાઈબિંગ માટે જાણીતા સ્થળો જમ્મુકાશ્મીર, ગઢવાલ, હિમાચલ પ્રદેશ, સિક્કીમ, કુમાઉ છે.

આઈસ સ્કેટિંગ

આઈસ સ્કેટિંગ સ્કીઈંગની જેવું જ હોય છે. આ રમતમાં પગમાં સ્કેટ્સ બાંધી, બરફ પર લપસવાનું હોય છે. આ દરમિયાન શરીરનું સમતોલન જાળવી રાખવું ખૂબ જ જરૂરી હોય છે એ એ ઘણું સહેલું પણ હોય છે.

ક્યાં જવુંઃ

આઈસ સ્કેટિંગ માટે સિમલા સૌથી ઉત્તમ જગ્યા છે. અહીંના વિન્ટર સ્પોટર્સ ફેસ્ટિવલમાં તેને ઘણું મહત્ત્વ અપાય છે. અહીંનું આઈસ સ્કેટિંગ રિંગ વિશ્વના આ ભાગનું સૌથી મોટું કુદરતી રિંગ છે. અહીં આઈસ સ્કેટિંગ ડિસેમ્બરથી લઈને ફેબ્રુઆરી સુધી ચાલે છે. અહીં સવાર-સાંજ બે જ સેશન હોય છે. અહીં આખી સિઝન માટે અથવા ઓછા સમય માટે પણ મેમ્બરશિપ મળે છે.

(સાભાર : ગુજરાત સમાચારમાંથી)

એક બહેનઃ વેરી ફાઈન, તમે સરસ ફેસિયલ ને ક્લીનઅપ કરી આપ્યું... કેટલા વર્ષનો અનુભવ છે... ?
બ્યુટિશિયન : મેડમ આજે મારો પહેલો દિવસ જ છે..
ગઈકાલ સુધી તો હું વાસણ ઘસવાનું, ઝાડું મારવાનું, પોતાના મારવાનું કામ કરતી હતી

એક પતિએ પત્નીને કહ્યું આજે મોલમાં તારા જેવી જ એક
છોકરી જોઈ પત્નિનો ટ્રેપ સવાલઃ ગમી ?
હા કહે તો પણ મર્યો, ના કહે તો પણ મર્યો

મફતમાં મકર સંક્રાંતિ ઓફર
તમારી પત્નીનો ફોટો પતંગ પર લગાવો...
અને... કલાકો સુધી...
તમારી આંગળીના ઈશારે તેને નચાવી...
અદ્ભુત આનંદની અનુભૂતિ મેળવો...
ઓફર ફક્ત સંક્રાંતિ સુધી જ સીમિત છે.

જોક સમ્રાટ

પાછી વાઈળ બગડી ગઈ કાલથી...
થયું એવું કે તેણે મને પૂછયુંઃ 'સાચો શબ્દ શું છે, નર્ક કે નરક ?
તો મેં કીધું : 'તારે ત્યાં જવાથી મતલબ છે કે જોડણીથી.'

સરકારી નોકરી કે ખાનગી નોકરી પૈકી શેની પસંદગી કરવી ?

બિલ ગેટ્સને એક પત્રકારે પ્રશ્ન પૂછ્યો કે તમારા મતે આજના યુગનો સૌથી મોટો પડકાર શું? બિલ ગેટ્સે તેનો તરત જ પ્રત્યુત્તર આપ્યોઃ બેરોજગારી. આજના યુગમાં ઘણા પ્રશ્નો જે જેમ કે પ્રદુષણ, આતંકવાદ, અણુશસ્ત્રો, પણ જે ઝડપથી કમ્પ્યૂટર ઓટોમેશન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ નોકરીઓ ઘટાડી રહ્યા છે તે દૃષ્ટિએ લોકોને આજીવિકા પૂરી પાડવી તે વિશ્વ સમક્ષ સૌથી મોટી સમસ્યા છે. આજનો યુગ ગળાકાપ સ્પર્ધાનો યુગ છે. આ સંજોગોમાં યુવાનો કયા ક્ષેત્રમાં જોડાવવું અને ભવિષ્ય કેવું હશે તે બાબતે ખૂબ જ મુંઝવણ અનુભવે છે. યોગ્ય માર્ગદર્શનને અભાવે ગેરમાર્ગે દોરાય છે અને સરવાળે જીવનની અમૂલ્ય તક ગુમાવી બેસે છે. તો આવા સમયે યુવાનોને શાળા-કોલેજની સાથે સાથે કારકીર્દિ નિર્માણની તકો વિષે પૂરતી માહિતી આપવી જ રહી. ભારત દેશ યુવાનોનો દેશ છે. ખૂબ મોટી યુવા વસતિ હોવાની સાથે બેરોજગારીનો દર જે ચિંતાજનક રીતે વધી રહ્યો છે. તે જોતા ભારત વિશ્વની સૌથી વધુ બેરોજગારી ધરાવતો દેશ બની શકે!

જ્યાં સુધી ગુજરાતનો સવાલ છે ત્યાં સુધી એવું માનવામાં આવે છે કે ગુજરાત વ્યાપારી પ્રજા ધરાવતું રાજ્ય છે. અહીં શિક્ષણ અને નોકરીનું બહુ મહત્ત્વ નથી, પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. અહીં પણ યુવાનોની કારકીર્દિ માટે શિક્ષણ અને ત્યારબાદ નોકરી ખૂબ જ મહત્ત્વની છે. મોટાબાગે કારકીર્દિ માટે ખૂબ જ મર્યાદિત વિકલ્પો જેવા કે ડોક્ટર, એન્જિનિયર, સી.એ. વિશે વિચારવામાં આવે છે, પરંતુ આવનારા સમયમાં સરકારી નોકરીમાં પણ ગુજરાતનાં યુવાનોનું પ્રમાણ વધતું જાય છે.

ખાનગી નોકરી અને સરકારી નોકરી વચ્ચે તુલના કરવામાં આવે તો પ્રથમ તુલના પગારની કરવામાં આવે છે. સાતમા પગારપંચ મુજબ જોતાં સરકારી નોકરીમાં પગારધોરણ સંતોષકારક છે. સાથે રજાઓ અને વિવિધ લાંબાગાળાના લાભો જોવા જઈએ તો ઘણી સંતોષકારક કારકિર્દી ઘડી શકાય. જોકે ખાનગી ક્ષેત્રે પણ હવે પરિસ્થિતિ સુધરી રહી છે.

પગાર કરતા વધુ મહત્ત્વનું પાસું 'વ્યવસાયિક સંતોષ' અથવા 'જોબ સેટિસ્ફેક્શન' ગણી શકાય. ખાનગી નોકરીમાં પણ તે મળી શકે! લાંબાગાળે ખાનગી ક્ષેત્રે એકનું એક કાર્ય કરીને કંટાળો આવતો જાય છે. પૈસા પાછળની ભાગદોડમાં તણાવભરી જીવનશૈલીનું નિર્માણ થાય છે. જ્યારે સરકારી નોકરીમાં કામગીરીમાં બદલાઈ આવે છે. કામગીરીની વૈવિધતા વિપુલ છે. તેને ખાનગી ક્ષેત્ર સાથે તુલના ન થઈ શકે. એક સરકારી અધિકારી તરીકે આજે આરોગ્ય ખાતા સાથે કામ કરતાં હોય તો કાલે શિક્ષણ તો કેટલાક વર્ષો બાદ ઉદ્યોગ કે મહેસૂલ ક્ષેત્રે કામ કરવાની તક મળે. આમ નવું નવું શીખવાની તકો અને સર્જનાત્મકતા મળે છે. અનેક લોકો સરકારી કચેરીએ વિવિધ કામો લઈને આવતા હોય છે. લોકો રડતા રડતા આવે અને હસતાં હસતાં પાછા જાય ત્યારે નોકરીની સાથે સમાજસેવા કરવાનો સંતોષ કોઈ અન્ય રીતે દુલના કરી શકાય નહીં આ પ્રકારની કામગીરીમાં સમાજમાં એક પ્રકારની પ્રતિષ્ઠા પણ મળે છે.

જોકે સરકારી નોકરીમા ંબદલી થવાની શક્યતા માટે હંમેશાં તૈયાર રહેવું પડે. જેમ જેં ઉપરની પોસ્ટ પર આગળ વધીએ તેમ તેમ બદલીની શક્યતા વધતી જાય. પણ પ્રત્યેક ક્ષેત્રે કોઈ વિવિધતા તો રહેવાની જ! વળી સરકારી નોકરી મેળવવા માટે લાંબાગાળાની તપશ્ચર્યા હોય છે. ખાનગી નોકરીની જેમ તરત મળી જતી નથી. સામે સરકારી નોકરીમાં જે 'જોબ સિક્યોરિટી' મળે છે તેની ખાનગીમાં તુલના ન થઈ શકે. સરકારી નોકરી અને સ્પર્ધાત્મક પરીક્ષાને ટૂંકા દૃષ્ટિકોણથી જોવાને બદલે દીર્ઘદૃષ્ટિથી જોવું જોઈએ. રસ્તા પર ઊભા રહી અને 'સરકાર કંઈ કરતી નથી' તેવી ટીકા કરવી આસાન છે. પણ જો સારા માણસો આ સિસ્ટમમાં નહીં જાય તો દેશમાં પરિવર્તન લાવવું ખૂબ જ અઘરુ ંછે. દેશની અમલદારશાહી દેશનો મુખ્ય આધાર છે. તેમાં જ્યાં સુધી સારા અધિકારીઓને મળશે નહીં ત્યાં સુધી રાજ્યનો કે દેશનો વિકાસ યોગ્ય દિશાના અભાવે ખોરવાઈ જશે. અત્રે ખેદની વાત છે કે અન્ય ક્ષેત્રે પ્રથમ ક્રમે રહેલું ગુજરાત સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રે યુ.પી. અને બિહાર કરતાં પણ ખૂબ જ પાછળ છે.

(સાભારઃ ગુજરાત સમાચારમાંથી)

શિયાળાનું શ્રેષ્ઠ ફળ ક્રેનબેરી

ઋતુ પરિવર્તન સાથે આપણે આપણા આહારમાં પણ બદલાવ લાવવો પડે છે. ઠંડીની મોસમમાં શરીરને હૂંફ આપતો અને રોગપ્રતિકારક શક્તિ વધારતો ખોરાક લેવો જરૂરી બની જાય છે. ઈશ્વરે પણ આપણા માટે પ્રત્યેક ઋતુ મુજબના ફળો-શાકભાજીની વ્યવસ્થા કરી રાખી છે. તેથી જ આપણને જે તે મોસમમાં માફક આવે એવા ફળો અને શાકભાજી મળી રહે છે. શિયાળામાં ખાવું જરૂરી એવું એક ફળ એટલે ક્રેનબેરી. આહારશાસ્ત્રીઓ કહે છે કે ક્રેનબેરીમાં પ્રચૂર માત્રામાં કમ્પોઝડ કાર્બોહાઈડ્રેટ્સ અને ફાઈબર ઉપરાંત વિટામિન સી, કે અને ઈ હોય છે. આ ફળ આપણા સ્વાસ્થ્ય માટે એટલા માટે પણ આવશ્યક છે કે એમાં એન્ટિઓક્સિડંટ્સ પુષ્કળ પ્રમાણમાં હોય છે. પરિણામે તે યુરિનરી ટ્રેક ઈન્ફેક્શન (યુટીઆઈ)માં પણ ફાયદાકારક પુરવાર થાય ચે. તેઓ વધુમાં કહે છે કે તેની એન્ટિઓક્સિડંટ, એટલે કે કોષોનું ઓક્સિડેશન (ઓક્સીકરણ કે ઉપચયન) અટકાવવાની ક્ષમતા ૯૦૦૦ જેટલી હોય છે. તેમાં પુષ્કળ પ્રમાણમાં ફાઈબર, એટલે કે રેખા હોવાથી ક્રેનબેરીઝ ખાધા પછી લાંબા સમય સુધી પેટ ભરાયેલું હોવાનો અનુભવ થાય ચે. પરિણામે વારંવાર ખાવાની ઈચ્છા આપોઆપ અંકુશમાં રહે છે. તેથી વજન ઘટાડવા ઈચ્છતા લોકો માટે પણ ક્રેનબેરીઝ ઉત્તમ ગણાય છે.



ક્રેનબેરીનો વધુ એક ફાયદો એટલો શરીરમાં થતાં દાહ-બળતરામાં રાહત. તેને કારણે એક્સિડેશનમાં ફાયદો થાય છે અને વધતી જતી વયની નિશાનીઓ ધીમી પડે છે. આ ફળ અકાળે થતાં મૃત્યુ, કોષોના નાશ અને વૃદ્ધાવસ્થાને ખાળે છે. તે હૃદય રોગનું જોખમ પણ ઘટાડે છે, કોલેસ્ટરોલ કાબૂમાં રાખે છે. ચયાપચનની ક્રિયાને સુચારુ રીતે ચલાવવામાં મદદ કરે છે.

ક્રેનબેરીઝના મુખ્ય તત્ત્વોમાં ફાઈબર અને કાર્બોહાઈડ્રેટ્સનો સમાવેશ થતો હોય છે. કાર્બ્સમાં મુખ્યત્વે સુક્રોઝ, ગ્લુકોઝ અને ફ્રુટટોઝ જેવી સાદી શર્કરા હોય છે. તેના સિવાય તેમાં પેક્ટિન, સેલ્યુલોઝ, હેમીસેલ્યુલોઝ જેવા ઈનસોલ્યુબલ ફાઈબર્સ હોય છે. તે કેલરી ઘટાડવામાં સહાયક હોવાથી વજન ઓછું કરવા ઈચ્છા લોકો માટે અચ્છો વિકલ્પ બની રહે છે. તેમાં રહેલું વિટામિન સી ત્વચા, કેશ, સ્નાયુઓ, હાડકાંની જાળવણીમાં સહાયક પુરવાર થાય છે. જ્યારે તેમાં રહેલું વિટામિન ઈ રોગપ્રતિકારકશક્તિ વધારવામાં કામ આવે છે. આ ફળ ડાયાબિટિસના દરદીઓ પણ લઈ શકે છે.

ક્રેનબેરીઝ ફ્રી રેડિકલ દૂર કરવામાં મદદ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફ્રી રેડિકલ્સ આપણા કોષોને હાનિ પહોંચાડીને શરીરમાં દાહ પેદા કરે છે. અહીં એ વાતની નોંધ પણ લેવી રહી કે બેરી પરિવારમાં એકમાત્ર ક્રેનબેરીઝ જ સૌથી ઓછું જાણીતું છે. તે સર્વત્ર સહજતાથી ઉપલબ્ધ નથી થતું. તે મોટાભાગે મોલ્સમા કે પછી વિદેશી ફળો-શાકબાજી મળતાં હોય એવાં સ્ટોર્સમાં વેચાય છે.

આહારશાસ્ત્રીઓ કહે છે કે ક્રેનબેરીઝને જેમના તેમ ચાવીને ખાવાથી સૌથી વધુ લાભ થાય છે. તાજા ક્રેનબેરી સૌથી વધુ ફાયદાકારક બની રહે છે. તેઓ વધુમાં કહે છે કે સુકવેલા ફ્રોઝન ક્રેનબેરીઝમાં શર્કરા પુષ્કળ પ્રમાણમાં હોવાથી તે સ્વાસ્થ્ય માટે હાનિકારક ગણાય છે.

ત્વચા નિષ્ણાતોના મતે ક્રેનબેરીઝનું ફેસપેક ચહેરાને કાંતિવાન બનાવે છે.

તેમાં રહેલા ફ્રી રેડિકલ્સ કરચલી પડવાની પ્રક્રિયા ધીમી પાડતાં હોવાથી તેને એન્ટિએજિંગ લેખવામાં આવે છે. તેમાં રહેલાં ચોક્કસ રાસાયણિક તત્ત્વો ત્વચાને એક્સફોલિયેટ કરે છે અને વિટામિન એ અને સી ત્વચામાં કોલેજન પેદા કરવામાં સહાયક બને છે. આ સિવાય ક્રેનબેરીઝમાં ચોક્કસ પ્રમાણમાં ઓમેગા-૩, ઓમેગા-૬ અને ઓમેગા-૯ ફેટી એસિડ હોવાથી તેના બીમાંથી બનાવવામાં આવેલું તેલ ત્વચામાં સારી રીતે શોષાય છે અને ચામડીને પૂરતી ભીનાશ બક્ષે છે.

(સાભાર : ગુજરાત સમાચારમાંથી)

ગુણકારી હળદર

હળદર એન્ટીસેપ્ટિક અને સૌંદર્ય પ્રસાધન તરીકે ઉપયોગી છે.લગ્ન જેવા શુભ કાર્યોમાં પણ વર-કન્યાને પીઠી ચોળવાનો રિવાજ ઘણા સમાજમાં જોવા મળે છે. તો વળી શરીર પર લાગેલા ઘા પરથી લોહી વહેતું હોય તો પણ હળદર દાબી દેવામાં આવતી હોય છે. તેમ જ શરદી-ઉધરસમાં પણ હળદરયુક્ત ખૂબ ફાયદાકારક સાબિત થયું છે. રસોડામાં રોજ વપરાતી હળદરમાં સમાયેલા ઔષધી અને સુંદરતા નિખારવાના ગુણ છે.

લગભગ ૨૮ ગ્રામ જેટલી હળદરમાં ૨૬ ટકા મેગ્નેશિયમ અને ૧૬ ટકા આર્યન હોય છે. જે રોજિંદા જીવન માટે જરૂરી છે. હળદરને ફાઈબર, પોટેશિયમ, વિટામિન બી-૬, વિટામિન સી એન્ટીઈક્લેમેન્ટરી તથા એન્ટી ઓક્લિડન્ટનો મુખ્ય સ્ત્રોત છે.

હળદરમાં ક્ર્યુમિન નામનો પદાર્થ હોય છે. જે આર્થરાઈટસ તથા કેન્સર જેવા રોગથી આપણને રક્ષણ આપે છે. હળદરનું સેવન શરીરને સુડોળ બનાવે છે. નિયમિત એક ગ્લાસ દૂધ સાથે સવારના સમયમાં હળદર ભેળવી પીવાથી શરીર સુડોળ થાય છે. હુંફાળા દૂધ સાથે હળદરનું સેવન કરવાથી શરીર પરનો વધારાનો મેદ ધીરે ધીરે ઓછો થાય છે. તેમાં સમાયેલ કેલશિયમ અને અન્ય તત્ત્વો વજન ઘટાડવામાં સહાયક સાબિત થાય છે.

હળદરનું સેવન રક્તને શુદ્ધ કરે છે. રક્તમાં સમાયેલા વિષે તત્ત્વો બહાર કાઢવામાં ઉપયોગી છે. તેમ જ તેના સેવનથી રક્ત ભ્રમણ સારું થાય ચે. લોહી પાતળું તથા ધમનીયોમાં પ્રવાહ વધી જાય છે, જેથી હૃદયરોગ થવાની શક્યતા ઓછી થાય છે.

હળદર અને ચૂનાનું મિશ્રણ ઈજા પર લગાડવાથી તે દુખાવાને ખેંચી લે છે. આ ઉપરાંત દૂધમાં ભેળવીને પાવાથી કાનના દુખાવા જેવી સમસ્યા પણ દૂર થાય છે. હળદરના સેવનથી રક્તસંચાર વધે છે. પરિણામે દુખાવામાં ઝડપી રાહત મળે છે.

જખમને રૂઝાવાનો ગુણ પણ હળદરમાં છે. માર વાગ્યા પર તરત જ હળદર દાબી દેવી. લોહી પણ વહેતું હશે તો બંધ થઈ જશે.

શરદી-ઉધરસની તકલીફ પર હળદર ભેળવેલું દૂધ પીવાથી રાહત થાય છે. તેમ જ ગરમ દૂધના સેવનથી ફેફસામાં જામી ગયેલો કફ બહાર નીકળી આવે છે.

દૂધમાં હળદર ભેળવીને પીવાથી હાડકાં મડબૂત થાય ચે. દૂધમાં સમાયેલ કેલશિયમ હાડકાંઓને મજબૂત કરે છે. તેમ જ હળદરમાં રોગપ્રતિરોધક ક્ષમતા વધારવાનો ગુણ છે. જેથી હાડકાં સંબંધિત તકલીફમાં રાહત આપે છે.

અનિદ્રાની તકલીફ હોય તો રાતના ગરમ દૂધમાં હળદર ભેળવીને પીવાથી લાભ થાય છે. રાતના ભોજન બાદ સૂવાના અડધો કલાક પહેલા હળદરયુક્ત દૂધનું સેવન કરવું.

રક્તમાંની સાકરનું પ્રમાણ ઓછું કરવા માટે હળદરયુક્ત દૂધનું સેવન કરવું. જોકે એક વાતનું ધ્યાન રાખવું વધતું સેવન બ્લડસુગરની નિર્ધારિત માત્રાને પણ ઓછી કરી શકે છે.

પાચનક્રિયા સુધારે છે. ઘણા સંશોધનના આધારે સાબિત થયું છે કે હળદરનું સેવન કરવાથી ખોરાકનું પાચન બરાબર થાય છે.

હળદર એન્ટી ઓક્સિડન્ટ હોવાથી કેન્સર ઉત્પન્ન કરનારી કોશિકાઓ સામે લડે છે.

સવારે ગરમ પાણી સાથે હળદર ભેળવીને પીવાથી મગજ માટે લાભદાયી છે.

હળદરમાં સમાયેલ ક્ર્યુઓમિને કારણે સાંધના દુખાવા તેમ જ સોજો ઓછો કરવાનો ગુણ છે.

હળદરનું પાણી નિયમિત પીવાથી ફ્રી રેડિકલ્સ સાથે લડવાની ક્ષમતા મળે છે.

બોડીને ડિટોક્સ કરવા માટે ગરમ પાણીમાં લીંબુ, હળદર એ મધ ભેળવી પીવું. આ પીણું શરીરના વિષેલા પદાર્થને બહાર કાઢવામાં મદદગાર છે.

હળદરમાં મોજુદ એન્ટીબેક્ટેરિયલ ગુણ ખીલના ઉપચાર માટે સહાયતા કરે છે. હળદર તેલીત્વચા માટે ગુણકારી છે. આ માટે હળદરયુક્ત દૂધનું સેવન કરી શકાય.

એક ચમચો હળદર, ત્રમ ચમચા દૂધ, બે ચમચા લોટ અને મધ ભેળવી પેસ્ટ બનાવી ચહેરા પર લગાડી ૨૦ મિનિટ બાદ ધોઈ નાખવાથી ત્વચા મુલાયમ બને છે તેમ જ વાળ નિખરે છે.

(સાભારઃ ગુજરાત સમાચારમાંથી)

લક્ષ્મી મંદિરોને બદલે સરસ્વતી મંદિરો સર્જીએ !

ગઈકાલના ઈતિહાસના સંકેતો પારખવામાં ઘણીવાર વર્તમાન સમય ઊણો ઊતરતો હોય છે.

જનની અને જન્મભૂમિને સ્વર્ગથી પણ મહાન કહી છે. ત્યારે એ યાદ આવે કે વડોદરા અને યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની જન્મભૂમિ છે અને એમના જનની ઈચ્છાબાઈની પણ ભૂમિ છે. વિ. સં. ૧૯૨૭ (ઈ.સ. ૧૮૭૦)ના દિપાવલીના શુભ પર્વોમાં ભાઈબીજના દિવસે ધર્મનિષ્ઠ માતા ઈચ્છાબાઈની કૂખે છગનલાલનો જન્મ થયો. આ માતાને ત્રણ પુત્રો પણ વિશેષ વાત્સલ્ય છગનલાલ તરફ. ધર્મનિષ્ઠ, શ્રદ્ધાવાન અને આસ્થાવાન માતા ઈચ્છાબાઈનો અંતિમ સમય આવ્યો ત્યારે પુત્ર છગનલાલે પૂછ્યું, 'શું એ આપની અંતિમ ઈચ્છા મારે કાજે ?'

'બેટા, અવિનાશી સુખધામમાં પહોંચાડી શકે એવા અક્ષય આત્મધનની પ્રાપ્તિ કરજે. જગતનું કલ્યાણ કરવામાં તારું જીવન વ્યતીત કરજે.'

છગનલાલમાંથી અઆચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના જીવનમાં માતાના આ શબ્દો દીવાદાંડીરૂપ બની રહ્યા. એક બાજુ સાધુતાના માર્ગે ચાલીને આત્મધનની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન આરંભ્યો, તો બીજી બાજુ મૃત્યુ પછીના સ્વર્ગલોકને ઊજલું બનાવવાને બદલે પૃથ્વી પરના જીવનને ઉન્નત બનાવનારી માનવતાનો આહલેક પોકાર્યો. એ જ વડોદરાની જાનીશેરીના ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળ્યા પછી આ બાળકે ગુરુના પગ પકડી લીધા અને એના અંતરની ઊર્મિ અશ્રુ બનીને એમનાં ચરણોને પખાળવા લાગી.

સાધુ મહારાજે બાળકને ઊઠાડતા પૂછયું, 'શું તકલીફ છે ?'

હજી એની આંખમાંથી આંસુની ધારા વહે જતી હતી. પોતાના આસન પરથી ઊભા થઈને ગુરુએ બાળકને હળવેથી ઊઠાડતા પુનઃ પ્રશ્ન કર્યો, 'બોલ તો ખરો, શું તકલીફ છે તને ? શું જોઈએ છીએ તારે ? આર્થિક મુશ્કેલીને કારણે ધન જોઈએ છે ?'

બાળકે કહ્યું 'હા, કૃપાનિધિ મારે ધન જોઈએ છે.'

સાધુ મહારાજે કહ્યું, 'જરા થોડીવાર રાહ જો. હમણાં કોઈ ભક્ત આવશે એટલે એને વાત કરીશ.'

'ના, મારે તો એવું ધન જોઈતું નથી. મારે તો આપની પસેથી ધન જોઈએ છે.'

સાધુ મહાત્માએ આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું, 'મારી પાસેથી ધન ? અમે સાધુઓ ધન રાખતા નથી.'

'મારે એવું ધન જોઈતું નથી. મારે તો અવિનાશી ધન જોઈએ છે.'

'એટલે ?'

'બસ એવો અલૌકિક ધનનો ખજાનો આપો કે જેનાથી હું અનંતસુખની પ્રાપ્તિ કરી શકું.'

અને પછી તો એ દાદાગુરુના ચરણમાં વિદ્યાનો અભ્યાસ શરૂ થયો અને સમય જતાં સાધુતા ગ્રહણ કર્યા બાદ એ યુગદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરિજીએ મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી. ગચ્છાધિપતિ શ્રી નિત્યાનંદજીસૂરિની નિશ્રામાં વિદ્યાર્થીગૃહનાં લોકાર્પણ પ્રસંગે સંસ્થાના ઈતિહાસ પર નજર કરીએ.

લક્ષ્મી મંદિરની રચના માટે સઘળું દ્રવ્ય ખર્ચનારા એ સમયના જૈન સમાજને યુગદર્શી આચાર્યશ્રીએ સરસ્વતીમંદિર ખોલવાની પ્રેરણા આપી. વેપારી સમાજ વેપાર પર દૃષ્ટિ રાખતો, વિદ્યા સુધી એની નજર પહોંચતી નહીં. ગામડાંનો તેજસ્વી બાળક વિશેષ અભ્યાસની તકના અભાવે ગામડાંમાં બાપની હાટડી પર બેરી જતો. આવી અનેક પ્રતિભાઓ સગવડના અભાવે કુંઠિત થતી હતી અને ત્યારે લક્ષ્મીપૂજક સમાજમાં શાળા, કોલેજો અને

ગુરુકુળોના સરસ્વતીમંદિરો રચવા માટે આચાર્યશ્રીએ પ્રયત્ન કર્યો.

ચોપડી કરતાં ચોપડામાં વધુ રસ ધરાવનારી પ્રજામાં વિદ્યાજાગૃતિ ફેલાવવા માટેની આવશ્યકતા હતી. એમણે જોયું કે જ્ઞાનના અભાવમાં બધાનું મૂલ્ય એકડા વગરના મીંડા જેવું છે. ગામડાંનો તેજસ્વી વિદ્યાર્થી સારા માર્કે ઉત્તીર્ણ થાય, પરંતુ વધુ અભ્યાસ માટે મુંબઈ રહીને ભણવું પોસાય તેવું નહોતું. વિજ્ઞાન, વાણિજ્ય, વિનિમય, મેડિકલ, સાયન્સ કે એન્જિનિયરિંગ જેવી વિદ્યાશાખાઓમાં તેજસ્વી વિદ્યાર્થીને પ્રવેશ તો મળતો, પરંતુ મુંબઈ જેવા શહેરમાં રહેવું ક્યાં ? જમવું ક્યાં ? અને અભ્યાસ કરવો ક્યાં ?

યુગદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરિજીએ ભવિષ્યનું દર્શન કરતાં જોયું કે કેળવણી વિના સમાજનો આરો નથી. કેળવાયેલા લોકો જ શાસનની રક્ષા કરશે. અને આથી ૧૯૧૫થી ૧૮મી જૂને એક ભાડાના ઘરમાં પંદર વિદ્યાર્થીઓ સાથે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી અને આ વિદ્યાલય શતદલ કમલની જેમ વિકાસ સાધતું ગયું અને આજે વિશ્વભરમાં એના વિદ્યાર્થીઓએ આગવી સિદ્ધિ મેળવી છે. કોઈએ ડોક્ટર તરીકે તો કોઈએ અન્ય ક્ષેત્રમાં જ્વલંત કારકિર્દીનું સર્જન કર્યું છે.

મજાની વાત તો એ છે કે આ સમયે આ સંસ્થાએ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે એક લોન યોજના કરી. એ વિદ્યાર્થી પૂરો અભ્યાસ કરે અને પછી જ્યારે કમાણી કરતો થાય ત્યારે એ રકમ વગર વ્યાજે સંસ્થાને પાછી આપે. આ લોન યોજનાએ અનેક સામાન્ય અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ માટે અભ્યાસનો એક નવો દરવાજો ખોલી આપ્યો.

આજે અવર્ણનીય વિકાસ સાધનારી આ સંસ્થાનો ભાડાના ઘરમાં પ્રારંભ થયો ત્યારે સંસ્થાના હાથમાં એક પાઈ નહોતી. એને પોતાનું મકાન નહોતું. કામમાં સહાયક બને એવા કોઈ નોકર-ચાકર નહોતા. વ્યવસ્થિત નોંધ કરે તેવા કોઈ મહેતાજી નહોતા. માત્ર પંદર વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસના સ્વપ્નાં સાથે આચાર્ય વિજયવલ્લભસૂરિજીની પ્રેરણાથી આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને પછી તો આ સંસ્થાએ સમાજને એક પછી એક એવા રત્નો આપ્યા અને પ્રવૃત્તિનો એવો વ્યાપ કર્યો કે સહુ કોઈ આ સંસ્થાને પ્રગતિની પારાશીશી સમાન, શ્રમની સિદ્ધિ સમાન અને આદર્શની ઈમારત સમાન લેખવા માંડયા.

'હૃદયમંદિરમાં સરસ્વતીની જ્યોત પ્રગટાવો તો અંતરમાં પ્રગટેલી પ્રગતિની ઝંખના પ્રગટ્યા વિના રહેતી નથી' એ સંકલ્પ આ સંસ્થાએ સિદ્ધ કર્યો.

યુગદષ્ટા આચાર્યશ્રીએ કેળવણીની અનેક સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા આપી. બોર્ડિંગ, કોલેજ, વિદ્યાલય, કન્યાછાત્રાલય અને જૈન વિદ્યા પીઠની સ્થાપના કરી. આચાર્યશ્રીની ઉદાર ભાવનાને કારણે માત્ર જૈન સમાજના લોકોએ જ નહીં, બલકે વૈષ્ણવોએ પણ એમના કેળવણી કાર્યમાં સારી એવી સખાવત આપી. એ સમયે પ્રગતિવિરોધી લોકોએ આચાર્યશ્રી સામે વિરોધનો વંટોળ પણ જગાવ્યો હતો. નામ વિનાના હેન્ડબીલો છાપીને બદબોઈ કરવામાં આવી હતી, પરંતુ આચાર્યશ્રીનો દૃઢ નિર્ધાર હતો કે કેળવાયેલા જ જૈન શાસનની રક્ષા કરશે.'

આ યુગદર્શી આચાર્યશ્રીએ પોતાની આસપાસના સમાજમાં કારમી ગરીબી જોઈ. એ સમયે એક ઉક્તિ પ્રચલિત હતી કે, 'પેટમાં ખાડો ને વરઘોડો જુઓ.' ગરીબ અને મધ્યમવર્ગની હાલત કફોડી હતી, જ્યારે બીજી બાજુ કેટલાક આત્મકલ્યાણને બહાને સમાજહિતની ઉપેક્ષા કરતા હતા. આચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજીએ કહ્યું, ''ધનિક વર્ગ લહેર કરે અને આપણે સહધર્મી ભાઈઓ ભૂખે મરે, એ સામાજિક ન્યાય નહીં, પણ અન્યાય છે.''

આમ, એક બાજુ ક્રાંતદષ્ટા આચાર્યશ્રીએ સમાજની આર્થિક અને માનસિક ગરીબી ફેડવાની પ્રેરણા આપી, તો બીજી બાજુ નાના-નાના વાદવિવાદ અને મતાંતરમાં ખૂંપેલા સમાજને એકતાનો સંદેશો આપ્યો. પંખી અને માનવીમાં ભેદ એટલો છે કે પંખી નીચે લડે, પણ ઊંચે જાય તો કદી ન લડે. જ્યારે માનવી થોડો ઊંચો જાય કે લડવાનું શરૂ થાય. શ્રીસંઘની એકતા માટે એમણે 'સવિ જીવ સરું શાસન રસી'ની ભાવના વ્યક્ત કરી. આસપાસ ચાલતા ઝઘડા, મતમતાંતરો,

એકબીજાને હલકા દેખાડવાની વૃત્તિ આ બધાંથી તેઓ ઘણા વ્યથિત હતા. મુંબઈના ચાતુર્માસ દરમિયાન તેમણે કહ્યું,

'તમે બધા જાણો છે કે આજકાલનો જમાનો જુદો છે. લોકો એકતા ચાહે છે. પોતાના હકોને માટે પ્રયત્ન કરે છે. હિન્દુ-મુસલમાન એક થઈ રહ્યા છે. અંગ્રેજ, પારસી, હિન્દુ અને મુસલમાન બધા એક જ ધ્યેય માટે સંગઠિત થઈ રહ્યા છે. આ રીતે દુનિયા તો આગળ વધી રહી છે. ખેદની સાથે કહેવું પડે છે કે આવા સમયમાં પણ કેટલાક વિચિત્ર સ્વભાવના મનુષ્યો - આપણા જ ભાઈઓ દસ કદમ પાછળ હઠવાનો પ્રયાસ કરે છે. આજે તો બધાએ એક થઈ કોઈ સમાજ, ધર્મ અને રાષ્ટ્રના કલ્યાણનું કાર્ય કરવું જોઈએ.'

આચાર્યશ્રીનો રાષ્ટ્રપ્રેમ પણ ઉદાહરણીય હતો. એમણે જીવનભર ખાદી પહેરી હતી. રેશમી વસ્ત્રોનો અવિરત વિરોધ કર્યો. આચાર્યપદવી વખતે પણ નવસ્મરણના પાઠ સાથેની પંડિત હીરાલાલ શર્માએ જાતે કાંતીને તૈયાર કરેલી ખાદીની ચાદર ઓઢી હતી. રાષ્ટ્રના અગ્રણીઓ આચાર્યશ્રીના દર્શને આવતા હતા. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજે શ્રી મોતીલાલ નેહરુની તમાકુની ટેવ છોડાવી હતી. અંબાલા શહેરની જાહેસભામાં આનો એકરાર કરતાં શ્રી મોતીલાલ નેહરુએ કહ્યું, 'હું મારી અક્કલ ગુમાવી બેઠો હતો તે આ જૈન મુનિએ ઠેકાણે આણી.'

આવી જ રીતે પંડિત મદનમોહન માલવિયા પણ એમના પ્રવચનો સાંભળવા આવતા અને પોતાના કાર્યમાં આચાર્યશ્રીના આશીર્વાદ માગતા હતા. પદવી કે પ્રસિદ્ધિથી આચાર્યશ્રી હંમેશાં અળગા જ રહ્યા.

એમના હૃદયની વ્યાપતા એમના જીવન અને વાણી બંનેમાં પ્રગટ થાય છે. એમના આ શબ્દોની મહત્તા પિછાનવા માટે કેટલું વિશાળ હૃદય જોઈએ! તેઓ કહે છે, 'હું ન જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ ન ન હિન્દુ કે ન મુસલમાન. હું તો વીતરાગ પરમાત્માને શોધવાના માર્ગે વિચારવાવાળો એક માનવી છું. એક યાત્રાળુ છું.' વિચારની કેવી ભવ્યતા અને પોતાની કેટલી લઘુતા!

(સાભાર : ગુજરાત સમાચારમાંથી)

LOVE U PAPA

એક પિતા એના દીકરાની આલિશાન ઓફિસમાં જાય છે.

એના દીકરાને જુએ છે અને એની પાછળ જઈ ઊભા રહી જાય છે.

એના ખભા ઉપર હાથ રાખીને પૂછે છે

''દીકરા, તને ખબર છે આ દુનિયામાં સૌથી તાકતવર માણસ કોણ છે?''

દીકરાએ ઝડપથી જવાબ આપ્યો કે-

'હું'

પિતાનું દિલ થોડું બેસી ગયું.

ફરિવાર પૂછ્યું.

''દીકરા... આ દુનિયામાં સૌથી તાકતવર માણસ કોણ છે?''

દીકરાએ પહેલાંની જેમ જ જવાબ આપ્યો કે

'હું'

પિતાના ચહેરા ઉપરથી જાણે રંગ જ ઊડી ગયો.

પિતાને બહુ દુઃખ થાય છે અને આંખોમાં આંસુ આવી જાય છે...

દીકરાના ખભા ઉપરથી હાથ લઈ અને દરવાજા તરફ જવા લાગે છે.

ઓફિસના દરવાજા પાસે જઈ ઊભા રહી દીકરા તરફ પાછું જોઈ અને પાછું પૂછે છે

''દીકરા, આ દુનિયામાં સૌથી તાકતવર માણસ કોણ છે??''

દીકરો જરા પણ ખચકાયા વગર બોલે છે

''તમે''

પિતા એકદમ હેરાન થઈ જાય છે... દીકરાના આ બદલતા વિચાર જોઈને પિતાના કદમ અંદર તરફ પાછા વળે છે અને ધીમેથી પૂછે છે.

''થોડીવાર પહેલાં તારા વિચારમાં આ દુનિયાનો તાકતવર માણસ તું હતો અને હવે મારું નામ કેમ કહે છે.?'

દીકરો કહે છે કે 'જ્યારે તમારો હાથ મારા ખભા ઉપર હતો ત્યારે આ દુનિયાનો સૌથી તાકતવર માણસ હું હતો અને જ્યારે તમારો હાથ ઊઠી ગયો અને તમે જતા રહ્યા ત્યારે હું એકલો થઈ ગયો કારણ કે મારા માટે તો દુનિયાના સૌથી તાકતવર માણસ તમે જ છો.'

બ્રોકલીથી બ્રેસ્ટ કેન્સર થતું અટકે

લીલાં પાનવાળી આ ભાજીને બોન બુસ્ટર કહેવાય છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના રિસર્ચરોએ તારવ્યું છે કે આઈસોથિવોસાઈનેટ્સ નામનું કેમિકલ એન્ટિ-કાર્સિનોજેનિક પ્રોપર્ટી ધરાવે છે. આ કેમિકલ બ્રેસમાં પેદા થતાં કેન્સરના કોષોને રીતસર નાશ કરી શકે છે. બ્રોકલીમાં આ કેમિકલનું પ્રમાણ ખૂબ જ વધારે જોવા મળ્યું છે. રિસર્ચરોએ બ્રોકલીનો પ્રયોગ માદા સસ્તન પ્રાણીઓ પર કર્યોઓ છે અને તારવ્યુ છે કે જે પ્રાણીઓમાં બ્રેસ્ટ કેન્સરના કોષો દાખલ કરવામાં આવ્યા હતા તેમના શરીરમાંથી પણ આઈસોથિયોસાઈનેટ્સ નામના કેમિકલને કારણે કેન્સરના કોષોનો મોટા પાયે વિનાશ થયો હતો.

બાળકોને બપોરે પરાણે ન સૂવડાવો

નવજાત શિશુ જેમ વધુ ઉંઘે એમ તેનું મગજ વિકસે, પરંતુ બે વર્ષથી મોટાં બાળકો બપોરે જેટલું વધુ ઉંઘે એટલી સ્લીપ ડિસઓર્ડર્સ થવાની શક્યતાઓ વધુ રહે છે. અમેરિકાની યુનિવર્સિટી એ સધર્ન મિસિસિપીના ડોક્ટરોએ બે વર્ષથી મોટાં લગભગ સાતસોથી વધુ બાળકોની સૂવાની પેટર્નનનો અભ્યાસ કરીને તારવ્યું હતું કે જે બાળકો બપોરે વધુ લાંબો સમય સૂએ છે તેઓ રાતે મોડાં સૂએ છે અને સવારે ઊઠે ત્યારે સુસ્તી અનુભવે છે. જે બાળકોને પરાણે સુવડાવવામાં આવે છે તેઓ સાંજના સમયે વધુ સ્ફૂર્તિ નથી અનુભવતા

આપણું મગજ આપણા વર્તનથી દસ સેકન્ડ આગળ હોય છે

જ્યારે કોઈ નિર્ણય લેવાનો હોય ત્યારે આપણું મગજ જે નક્કી કરે એની દસ સેકન્ડ પછી આપણે એ પ્રકારે જે નક્કી કરે એની દસ સેકન્ડ પછી આપણે એ પ્રકારે વર્તીએ છીએ. અમેરકિાની મેક્સ પ્લેન્ક ઈન્સ્ટિટયૂટ ફોર હ્યુમન કોગ્નિટિવ એન્ડ બ્રેઈન સાયન્સિસના ન્યુરોસાયન્ટિસ્ટોએ અભ્યાસ કરીને તારવ્યું છે કે આપણે મગજની કોઈ ચીજ નક્કી કરીએ અથવા તો આપણા મગજે અમુક વિચાર કર્યો એનું આપણને ભાન થાય એની દસ સેકન્ડ પહેલાં મગજમાં એ વિશેની પ્રોસેસ થઈ ચૂકી હોય છે. આ રિસર્ચરોએ માણસની જાગ્રત અવસ્થા પર પ્રશ્નો ઊભા કર્યા છે. તેનું કહેવું છે કે જો આપણે કયા નિર્ણયો લેવા એ આપણું મગજ દસ સેકન્ડ પહેલાં ડિસાઈડ કરી લેતું હોય તો આપણું જાગ્રત મન એટલે કોન્શિયસ માઈન્ડ કરતાંય બ્રેઈન એકદમ આગળ છે એમ સ્વીકારવું પડે.

હંમેશાં ટીવી સામે બેસી રહેતાં બાળકોનું બ્લડપ્રેશર વધી શકે

આખો દિવસ ટીવીની સામે જ ચોંટી રહેતાં બાળકોને ફિઝિકલ એક્ટિવિટી મળતી ન હોવાથી તેઓ મેદસ્વી થઈ જાય છે. સેન ડિયેગોની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના બાળનિષ્ણાતોએ તારવ્યું છે કે બે વર્ષથી નાની ઉંમરનાં બાળકોનું ટી.બી. જોવું સ્વાસ્થ્ય માટે યોગ્ય નથી. આ બાળકો મેદસ્વી બને છે એટલું જ નહીં, નાની ઉંમરે તેમને હાઈ બ્લડપ્રેશરની તકલીફ થાય છે. બે વર્ષથી નાની ઉંમરે ટીવીનાં રસિયા બાળકોને રમવાની ઉંમરે બહાર રમવા જવું નથી ગમતું, દિવસમાં બેથી વધુ કલાક ટીવી જોતાં પાંચ વર્ષની નાની ઉંમરના બાળકોમાંથી ૭૮ ટકા બાળકો મોટી વયે હાઈ બીપીની તકલીફ ધરાવે છે.

લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

યુવક

નં	નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય	જ્ઞાતિ-મૂળ વતન-હાલ	સંપર્ક
૧)	દર્શન હેમંતકુમાર શાહ, ૬-૯-૧૯૯૦, ૫'-૧૧'' MBA	દશાશ્રીમાળી દેરાવાસી જૈન મ્હેસાણા	(મો) ૯૮૨૪૦૪૯૧૯૭ (મો) ૭૯૮૪૮૫૪૧૨૯
૨)	સૌરભ ભરત મહેતા, ૧૫-૩-૧૯૯૧, ૫-૬' BAF. M.Com. - સર્વિસ + કમિશન	જૈન દેરાવાસી મોરબી - બોરીવલી	(મો) ૯૩૨૩૧૧૪૬૯૫ (મો) ૯૭૭૩૩૩૮૬૯૮
૩)	દેવાંગ એચ. શાહ, ૨૪-૧૨-૧૯૮૨, ૫'-૨'' Bcom –	જૈન વિશા. ઓસવાલ દેરાવાસી ગુજરાત - મુંબઈ	(મો) ૯૯૨૦૫૮૭૫૯૮ (મો) ૯૮૧૯૨૩૯૬૨૯
૪)	પ્રણવભાઈ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭' Bcom - સર્વિસ (છુટાછેડા)	દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન પાલનપુર-બોરીવલી	(મો) ૯૩૨૦૮૭૪૯૧૧ (મો) ૮૨૯૧૩૮૩૮૭૮
૫)	મયંક રમેશભાઈ શાહ, ૧૫-૮-૧૯૮૮, ૬'-૩'' B.E. Engineering (નોંધઃ હાથમાં તકલીફ છે)	વાગડ વિશા ઓસવાલ જૈન દેરા. આધોઈ-કચ્છ	(મો) ૯૭૬૯૨૮૦૮૫૦ (મો) -
૬)	વિદિત રાજેશકુમાર શાહ, ૨-૧-૧૯૮૮, ૫'-૧૦'' B.Tech., M.B.A. (Insurance)– (છુટાછેડા)	શ્રી વીસાશ્રીમાળી દેરાવાસી જૈન અમદાવાદ	(મો) ૯૪૦૮૨૮૦૮૧૬ (મો) ૯૮૭૯૪૦૮૨૮૭
૭)	નકુલ અશોક સવાણી, ૨૦-૩-૧૯૮૭, ૫-૬' B.M.S. M.Com - સર્વિસ	જૈન દેરાવાસી પંથવાડા - મુંબઈ	(મો) ૯૮૨૦૧૭૫૨૪૮ (મો) ૯૮૧૯૩૮૦૦૮૩

યુવતી

૧)	જીનલ અશ્વિનભાઈ શાહ, ૬-૪-૧૯૮૩ ૫'-૩'' B.Com, PGDHRM	જૈન દેરાવાસી સુરેન્દ્રનગર - બોરીવલી	(ઘર) - (મો) ૯૦૮૨૩૫૯૬૫૯
૨)	જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪'' બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા)	ઘોઘારી વીસા શ્રીમાળી જૈન શિહોર – ગોરેગામ	(ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭ (મો) ૯૮૨૦૦૪૧૦૭૧
૩)	મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫' BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા)	ઘોઘારી વીસા શ્રીમાળી જૈના સાવરકુંડલા - ગોરેગાંવ	(મો) ૯૬૬૪૯૪૩૪૩૩ (ઘર) -
૪)	ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩'' B.Com, C.A.	દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન માંગરોળ - મુલુંડ	(ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪ (મો) ૯૮૬૯૪૮૩૯૫૪
૫)	ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭'' M.Com, Business (નોંધઃ લગ્ન મુંબઈમાં જ કરવા છે)	શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ કઠોર (સુરત) - ઘાટકોપર (ઈ)	(ઘર) - (મો) ૯૮૬૯૩૧૭૬૨૩
૬)	પારૂલ કનુભાઈ વોરા ૨૮-૭-૧૯૭૧, ૫'-'' M.Com.	વિશા શ્રીમાળી દેરાવાસી જૈન જામનગર - કાંદિવલી	(ઘર) ૯૯૮૭૩૭૫૮૩૧ (મો) -
૭)	શિલ્પા કનુભાઈ વોરા, ૧૨-૪-૧૯૬૯, ૪'-૧૧'' B.Com. (છુટાછેડા)	વિશાશ્રીમાળી દેરાવાસી જૈન જામનગર - કાંદિવલી	(ઘર) - (મો) ૯૯૮૭૩૭૫૮૩૧
૮)	મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫'-૭'' B.Com. MBA (Finance) (મંગળ છે)	દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન માંગરોળ - મુલુંડ	(ઘર) ૨૧૬૪૧૨૯૫ (મો) ૯૮૨૧૦૪૧૫૨૦

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ૨૦૨૦-૨૧ની વરણી થયેલ નવી કમિટી



PRAFUL V. KAMDAR
CHAIRMAN

SANJAY B. SHAH
I.P. CHAIRMAN



KISHOR S. SHETH
VICE CHAIRMAN

VINOD A. JAIN
VICE CHAIRMAN

JAYANTI K. CHHADVA
SECRETARY GENERAL

UJDAY D. SANGHAVI
SECRETARY



ANIL G. DOSHI
SECRETARY

MITESH M. AMBAVI
SECRETARY

BHAVIN J. SHAH
SECRETARY

RAJESH C. GANDHI
DEVEL.SECRETARY

RAJESH R. BHANSALI
TREASURER

PRAFUL P. MEHTA
TREASURER

CHANDRAKANT F. SHAH
EDITOR

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

જે જે સી જુહુ બીચ

જે જે સી જુહુ બીચનો એક નમ્ર પ્રયાસ

Match Making

આજના આધુનિક *Digital Marketing* ના જમાનામાં
ઉત્પન્ન થયેલી વિકટ સમસ્યા એક સરખી વિચારસરણી ધરાવનારા એટલે...

Perfect Match જીવનસાથીની શોધ

Life Partner

રજીસ્ટ્રેશન સમય : સવારે ૧૧ થી સાંજે ૬-૦૦ સુધી સોમવાર થી શનિવાર (જાહેર રજા - રવિવાર સિવાય)

Kirtibhai Shah 93230 41653	Jayantbhai Shah 99694 88954	Vinodbhai Kapasi 98204 14472	Bharatbhai Mehta 98335 15055
Prajeshbhai Shah 98210 23112	Shreyasbhai Shah 98200 80764	Pankajbhai Vora 98204 57020	Jitubhai Kothari 98210 12321

જે જે સી જુહુ બીચ

૨૧૦, ૨જે માળે, એમ. એલ. સ્પેસ બિલ્ડિંગ, મેક ડોનાલ્ડની સામે, ડી. જે. રોડ,
જૈન મંદિરની પાસે, સ્ટેશન રોડ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**

Advt